# અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદ

## કાળા વાદળો ઘેરાતાં અંધારું છવાયું : રાજકોટ, ભાવનગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણમાં સારો વરસાદ થતાં લોકોમાં ખુશી : વાતાવરણમાં ઠંડક પ્રસરી

અમદાવાદ, તા.૧૦

આખા દિવસના ઉકળાટ બાદ અમદાવાદ અને ગાંધીનગરમાં બપોર પછી અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. થોડી જ વારમાં રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ ગયા. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે ગણેશ વિસર્જન દરમિયાન પણ અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. આગામી કેટલાય દિવસ સુધી ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીમાં રાહતમળતી માહિતી પ્રમાણે આશ્રમરોડ, નવરંગપુરા, નારણપુરા, મેમનગર, સેટેલાઈટ, નવા વાડજ, પાલડી, વાસણા, વસ્ત્રાલ, નરોડા, રિંગરોડ, સરદારનગર, શાહીબાગ સહિતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા દિવસોથી લોકો ઉકળાટથી હેરાન પરેશાન થઈ ગયા છે અને ડબલ સિઝનના કારણે રોગચાળો પણ વકરી રહ્યો છે.

ત્યારે બે દિવસથી વરસાદ ચાલુ થતાં વાતાવરણમાં ઠંક પ્રસરી હોવાથી લોકો રાહત અનુભવી રહ્યા છે.રાજકોટમાં પણ ધોધમાર વરસાદ પડ્યોપ્રાપ્ત અહેવાલો અનુસાર રાજકોટમાં સતત ત્રીજા દિવસે પણ ભાદરવામાં અષાઢી માહોલ જામ્યો હોય તેવી રીતે વરસાદે એન્ટ્રી કરી હતી. આજે સવારથી બપોર સુધી શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આથી વાતાવરણમાં ઉકળાટ જોવા મળી રહ્યો હતો. પરંતુ બપોર પછી દોઢ વાગ્યા બાદ અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. બાદમાં ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

અસહ્ય ઉકળાટ વચ્ચે ગુજરાતના અનેક જિલ્લાઓના વાતાવરણમાં ઠંડક આવી છે. રાજકોટ, ભાવનગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણમાં સારો વરસાદ થતાં લોકોમાં ખુશી છવાઈ તો બીજી તરફ, અમદાવાદમાં પણ ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. વીજળીના કડાકાભડાકા સાથે પશ્ચિમ અમદાવાદમાં વરસાદ તૂટી પડ્યો છે. ચારેબાજુ કાળાડિબાંગા વાદળો છવાતા અંધારપટ છવાયું છે. ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા અમદાવાદીઓ ગેલમાં આવી ગયા છે. હજુ પણ ૩ દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. તો ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે.

# આ નવરાત્રિમાં માતાના મઢ ખાતે નવ લાખ જેટલા ભાવિકો દર્શને આવશે

## મંદિરમાં તડામાર તૈયારીઓ શરૂ : કચ્છમાં છેલ્લા અનેક વર્ષોથી મોટા પાયે આયોજિત કરવામાં આવતી કોમર્શિયલ નવરાત્રી મહોત્સવ ધૂમ મચાવી રહી હતી

અમદાવાદ,તા.૧૦

યુવાનો ઉપરાંત દરેક વયના લોકો સમગ્ર વર્ષ નવરાત્રિની રાહ જોતા હોય છે. સૌ કોઈ માતાજીની ભક્તિમાં ગરબે ઘૂમવા ઉત્સુક હોય છે. છેલ્લા બે વર્ષથી કોરોના નવરાત્રિના રંગમાં ભંગ કર્યો હતો પણ આ વર્ષે કોરોનાના નિયંત્રણો ન હોવાથી ફરી એકવખત ખેલૈયાઓના પગ થનગની રહ્યા છે. જો કે, કચ્છમાં છેલ્લા બે વર્ષથી બંધ થયેલી કોમર્શિયલ નવરાત્રી મહોત્સવમાંથી આ વર્ષે પણ મોટા ભાગના આયોજન રદ્દ કરવામાં આવ્યા છે. કચ્છના સૌથી મોટા એવા ભુજના બે નવરાત્રી મહોત્સવ પણ આ વર્ષે રદ્દ કરવામાં આવ્યા છે. આ વચ્ચે શેરી ગરબા મહોત્સવ ફરી એકવખત ઠેર ઠેર ધૂમ મચાવશે. કચ્છમાં છેલ્લા અનેક વર્ષોથી મોટા પાયે આયોજિત કરવામાં આવતી કોમર્શિયલ નવરાત્રી મહોત્સવ ધૂમ મચાવી રહી હતી. મોટા ગાયકો, સેલિબ્રિટી અનેદૂર-દૂર સુધી સંગીત સંભળાવતા લાઉડસ્પીકર સાથે યોજાતા આ નવરાત્રિ મહોત્સવમાં જિલ્લાભરમાંથી લોકો ગરબા રમવા ઉમટે છે. મોંઘાદાટ પાસ ખરીદીને પણ લોકો આ આયોજનોને માણવા જતા પણ કોરોના મહામારી શરૂ થઈ ત્યારથી આ કોમર્શિયલ નવરાત્રી પર બ્રેક લાગી ગયો છે. બે વર્ષ પહેલા કોરોના કાબૂ બહાર હોતાં મોટા સાર્વજનિક કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. જયારે કે ગત વર્ષે કોમર્શિયલ નવરાત્રી પર પ્રતિબંધ લગાવી શેરીઓમાં યોજાતા ગરબા માટે અનુમતિ આપી હતી. ત્યારે આ વર્ષે કોઈ પ્રતિબંધ ન હોવા છતાંય મોટા ભાગના આયોજકોએ આ નવરાત્રિમાં આયોજન રદ્દ રાખ્યા છે. ભુજમાં યોજાતી રોટરી નવરાત્રી મહોત્સવ અને ડ્રીમ્સ નવરાત્રી આ વર્ષે રદ્દ રાખવામાં આવી છે. જો કે, ટાઈમસ્ક્વેર ગ્રુપ દ્વારા ધ વિલા ખાતે યોજાતી નવરાત્રી મહોત્સવ આ વર્ષે પણ યોજવામાં આવશે.

# ગુજરાતની પહેલી સીનેમેટીક ટુરીઝમ પોલીસી જાહેર કરાઈ

## રાજ્ય સરકારના મંત્રીઓ સહિત અજય દેવગણે હાજરી આપી




ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી'નું લોન્ચિંગ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અભિનેતા અજય દેવગણ, રાજ્ય સરકારના મંત્રી પુર્ણેશ મોદી અને અરવિંદ રૈયાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું. મુખ્યમંત્રીએ આ સિનેમેટીક ટુરીઝમ પોલિસી ગુજરાતમાં ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટમાં મહત્વપૂર્ણ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને ગુજરાત એમના જ માર્ગ દર્શનમા દેશનું વિકાસ મોડલ બન્યું છે. ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ છે અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થાન બની ગયું છે. આત્મ નિર્ભર ગુજરાતના નિર્માણથી આત્મ નિર્ભર ભારત માટે આ પોલીસી ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પોલિસી ફિલ્મ મેકીંગ ક્ષેત્રના સર્વિસ પ્રોવાઈડર્સને એક મંચ પર લાવી પ્રવાસન વિકાસને પણ અપ્રતિમ વેગ આપશે. અજય દેવગણે ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે, આ સીનેમેટિક ટુરિઝમ પોલિસીના લોન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારે સીનેમેટિક ટુરિઝમ પોલિસી જાહેર કરી તેની મને ખુશી છે. ગુજરાત સાથેના અનુભવો અંગે અજય દેવગણે જણાવ્યું હતું કે, અહીંની સંસ્કૃતિ, વિસ્તારો અને વિવિધ ગુજરાતી વાનગીઓ મને આકર્ષે છે. અહીંના લોકોનો પ્રેમ પણ ખૂબ સારો મળ્યો છે. હું ગુજરાત સાથે વર્ષોથી જોડાયેલો છું. આ પોલિસીના માધ્યમથી ફિલ્મ જગતને સારો સહકાર મળી રહેશે.




વધી રહેલી મોંઘવારી, બેરોજગારી અને ડ્રગ્સના દૂષણની સમસ્યાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા શનિવારે બંધનું એલાન કરવામાં આવ્યુ હતું. જેને ગાંધીનગરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો.

# ૨૧મી સદીના વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા સમાન : મોદી

## અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્ફ્લેવ'નું ઉદ્‌ઘાટન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સેન્ટર સ્ટેટ સાયન્સ કોન્ફલેવનું ઉદઘાટન કરતાં ભારપૂર્વક જણાવ્યું કે, આ કોન્કલેવનું આયોજન સબકા પ્રયાસનું સ્પષ્ટ ઉદાહરણ છે. સાયન્સ સીટીમાં યોજાયેલી આ કોંકલેવમાં દેશના વિવિધ રાજ્યોના સાયન્સ-ટેકનોલોજી મંત્રીશ્રીઓ તથા સચિવો સહભાગી થયા છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, ૨૧મી સદીના ભારતના વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા સમાન છે, જે દરેક ક્ષેત્રના વિકાસ અને દરેક રાજ્યના વિકાસને વેગ આપવાની શક્તિ ધરાવે છે, આજે ભારત ચોથી



ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના વિજ્ઞાન અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં વહીવટ અને નીતિ નિર્માણમાં લોકોની જવાબદારી નોંધપાત્ર રીતે વધી જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે વિજ્ઞાન એ ઉકેલો, ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર છે. અને આ પ્રેરણાથી જ આજનો નવો ભારત જય જવાન જય કિસાન, જય વિજ્ઞાન તેમજ જય અનુસંધાન સાથે આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન મોદીના માર્ગદર્શન અને પ્રેરણાથી દેશભરમાં પહેલી વાર આવી કોક્લેવ યોજાઈ છે તે માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યુ કે દેશના અમૃતકાળમાં વડાપ્રધાને ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા જે લક્ષ્ય આપ્યુ છે તેમાં સાયન્સ ટેકનોલોજી આધારિત હોલિસ્ટીક એપ્રોચ મહત્વપૂર્ણ બનશે. આ સંદર્ભમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સાયન્સ ટેકનોલોજી મંત્રીઓનું સાયન્સ સિટીમાં દ્વિદિવસીય સામૂહિક મંથન-ચિંતન ઉપકારક નિવડશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ૬ દિવસમાં ૨૨ લાખથી વધુ માઈભક્તોએ દર્શન કર્યા

## અંબાજી ભાદરવી મેળો સુખરૂપ સંપન્ન : મેળો સુખરૂપે સંપન્ન થતા પોલીસ વિભાગ દ્વારા માતાજીને ૫૨ ગજની ધજા ચઢાવવામાં આવી હતી : સમગ્ર વહીવટીતંત્રની ટીમ વતી જિલ્લા કલેકટર આનંદ પટેલે પ્રથમવાર માં અંબાના શિખરે ધજા ચડાવી ધન્યતા અનુભવી







બનાસકાંઠા, તા.૧૦

યાત્રાધામ અંબાજીમાં ભરાયેલા ૬ દિવસીય ભાદરવી પૂનમના મહામેળાનો છેલ્લો દિવસ છે. આજ રાત્રિના ૧૨ કલાકે મેળો પૂર્ણ થયેલો ગણવામાં આવશે. સમગ્ર મેળા દરમિયાન લાખોની સંખ્યામાં આવેલા યાત્રિકોની સલામતી અને સુરક્ષા માટે ૫૦૦૦ ઉપરાંત પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. આ મેળો આજે સુખરૂપે સંપન્ન થતા પોલીસ વિભાગ દ્વારા માતાજીને ૫૨ ગજની ધજા ચઢાવવામાં આવી હતી. છેલ્લા ૧૦ એક વર્ષથી અંબાજી મેળામાં જે રાજયના વિવિધ વિસ્તારોમાંથી પોલીસ ફરજ ઉપર આવે છે, તે સહીત તેમના પરિવારો પણ આ ધજારોહણ કાર્યક્રમમાં જોડાય છે. મેળો શાંતિપૂર્ણ પૂર્ણ થતા ભારે હર્ષોલ્લાસ સાથે વાજતે-ગાજતે માં અંબેના મંદિરે ધજા ચડાવવામાં આવી હતી. રેન્જ ઈંટ જેઆર મોથલિયા તેમજ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા સાથે અન્ય ઉચ્ચ અધિકારીઓ પોતાના પરિવાર સાથે આ ધજારોહણ કાર્યક્રમમાં જોડાયા હતા.જોકે આ વખતે બે વર્ષ બાદ મેળો ભરાયો છે, ને આટલા દિવસોમાં ૨૫ લાખ જેટલા શ્રદ્ધાળુઓએ માં અંબેના દર્શનનો લાભ લીધો. ત્યારે જિલ્લા કલેક્ટરની આગેવાનીમાં રેવન્યુ વિભાગ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ આ વખતથી ધજા ચઢાવવાની શરૂઆત કરાઈ છે. જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી તેમજ અન્ય તાલુકાને જિલ્લાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ મહત્તમ તમામ વિભાગો દ્વારા ૫૨ ઘજની ધજા સાથે નાની-મોટી ૫૧ જેટલી ધજાઓ માતાજીના મંદિરે અર્પણ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ એક યાત્રિકની જેમ જ લાઈનમાં રહી માતાજીની ધજા ચડાવવાનો કાર્યક્રમ યોજ્યો હતો. આજે આ મેળો પૂર્ણ થઈ રહ્યો છે, ત્યારે તમામ વિભાગો સહિત મીડિયા કર્મીઓનો પણ આભાર માન્યો હતો અને આ ભાદરવી પૂનમનો મેળો આજ રાત્રિના ૧૨ કલાકે પૂર્ણ થયેલો ગણાશે તેવી જાહેરાત કરી હતી.

શક્તિપીઠ અંબાજી ગામમાં ભરાયેલા ભાદરવી પૂનમના મેળાનો આજે છઠ્ઠો અને અંતિમ દિવસ હતો. મેળાનો છેલ્લો દિવસ હોવાથી અંબાજી જતા માર્ગો ઉપર માતાજીના રથ ધમધમતા દેખાયા હતા. 'બોલ માડી અંબે જય જય અંબે'ના નાદથી આજે માર્ગો ગુંજી રહ્યાં હતા.

આજે પુનમની સાથે શ્રાદ્ધ પક્ષ પણ શરૂ થયા છે અને અંબાજીમાં શ્રદ્ધાળુઓનું ભારે ઘોડાપુર ઉમટ્યું છે. અંબાજી મંદિરમાં અનેક શ્રદ્ધાળુઓ પોતાની ધજા પતાકા લઈ મા અંબેના દરબારમાં પહોંચતા જોવા મળી રહ્યા હતા.

### ૨૦ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મશીનનો તાર તૂટવાથી ૧૧ લોકોને કરંટ લાગ્યો હતો. તેમાંથી એક આઈસીયુમાં દાખલ છે. આ ઘટના પનવેલના વાડઘર વિસ્તારમાં એક વિસર્જન દરમિયાન બની હતી.

હરિયાણાના મહેન્દ્રગઢ અને સોનીપતમાં ગણપતિ વિસર્જન દરમિયાન બે દુર્ઘટનાઓ બની હતી. કનીના-રેવાડી રોડ પર આવેલા ઝગડોલી ગામ પાસે કેનાલમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા ગયેલા ૯ લોકો પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા. મોડી રાત્રે ૮ લોકોને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી ૪ના મોત થયા હતા. અન્ય ૪ને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજ પ્રમાણે સોનીપતના યમુના ઘાટ પર ડૂબી જવાથી ૩ના મોત થયા હતા. મહેન્દ્રગઢમાં મૃતકોની ઓળખ ટીંકુ, આકાશ, નીતિન અને નિકુંજ તરીકે થઈ છે. તેમની ઉંમર ૧૮ થી ૨૩ વર્ષની વચ્ચે હતી. મનોજ, દીપક, સુનીલ, સંજય ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે.

### ચુકાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનની કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટ પહોંચી હતી. મુસ્લિમ પક્ષ સતત એ વાત પર ભાર મૂકે છે કે ૧૯૪૭ પછી ધાર્મિક સ્થળનું પાત્ર બદલી શકાય નહીં. તે જ સમયે, ૧૯૯૧ના વિશેષ પૂજા સ્થાન અધિનિયમ હેઠળ કમિશનની કાર્યવાહી પણ ખોટી છે.

શ્રીનગર ગૌરી નિયમિત દર્શન પૂજન કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશ પર ટ્રાયલ કોર્ટ કેસની જાળવણી પર સુનાવણી ચાલી રહી હતી. સરળ ભાષામાં, નિયમ ૭/૧૧ નો અર્થ છે કે, જ્ઞાનવાપી કેસની જાળવણી ક્ષમતાનો અર્થ છે કે, જ્ઞાનવાપી કેસમાં દાખલ કરાયેલા કેસની વધુ સુનાવણી થવી જોઈએ કે નહીં, વારાણસી કોર્ટ આ મુદ્દે પોતાનો મોટો નિર્ણય આપશે.

જૂનના છેલ્લા અઠવાડિયાથી હિન્દુ પક્ષ અને મુસ્લિમ પક્ષના વકીલો દ્વારા આ મુદ્દે સતત દલીલો કરવામાં આવી રહી હતી. સુનાવણી પૂર્ણ થયા બાદ જિલ્લા ન્યાયાધીશે જ્ઞાનવાપી કેસ સુનાવણી યોગ્ય છે કે નહીં તે અંગેનો નિર્ણય અનામત રાખ્યો હતો. જિલ્લા ન્યાયાધીશ એકે વિશ્વેશ હવે ૧૨ સપ્ટેમ્બરે આ મામલે ચુકાદો સંભળાવશે. જ્ઞાનવાપી કેસમાં કોર્ટનો નિર્ણય કોર્ટના કેસોમાં મંદિરમાં પૂજાની માંગના મુદ્દાને નવી દિશા આપશે. તે જોવું ખૂબ જ મહત્વપૂર્ણ હશે કે, પૂજાના અધિકાર માટેની લડતનું ભવિષ્ય શું હશે?

### વધુ ૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આજે નોંધાયેલ ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે ભાર મુક્યો છે.